કવિ શ્રી ઉદયરામ કૃત.

मोजदीन मेहेतावनी वार्ता.

दोहा.

शहर इरानी बादशा', खुदादीन वद्दनाम;
साहेबजादा मोजदिन, मींनकेतुको धाम. १

આગળના વખતમાં શેહેરે ઇરાનમાં ખુદાદીન નામે પરમ ન્યાયિક અને પ્રતાપિ બાદશાહ રાજ્ય કરતો હતો, તેને મોજદીન નામે ખુબસુરતીમાં કામદેવના ધામ જેવો જુવાન શાહજાદો હતો. તેને તે કાળના ધારણ પ્રમાણે સર્વ વિદ્યા અને કળામાં ભણાવીને કાબેલ કર્યો હતો. તેથી તે પોતાના માતપિતા અને પુજ્ય ગુરૂઓની આજ્ઞામાં રેહેતો હતો. પરંતુ જ્યારે તે—

भया अठारह बरसका, तब आशक उच्छाह;
साहेबजादा शिरपरें, शंक न माने शाह. २

અઢાર વર્ષની ઉમરનો નવજુવાન થયો, ત્યારે નીચ માણસોની સંગતિથી તેને ઇશ્કનો ઉત્સાહ થયો, તેથી નઠારા માર્ગમાં ઉતરી જઇને પોતાના પુજ્ય પિતા શાહખુદાદીનની પણ બીક ધરતો નહિ અને સ્વછંદી રીતે વર્ત્તતો.

रोशनखान वजीरकी, सुता एक मेहताब;

जा मुख शोभा देखके, फीके कमल गुलाब. ३

શાહ ખુદાદીનના મંત્રી મંડળમાં એક રોશનખાન નામે વજીર-હતો. તેને ઘેર મેહેતાબ કરીને ખુબસૂરતી બેસતનીમાં પરી જેવી વજીર જાદી હતી, કે જેના મુખની સુંદરતા જોઇને કમળ તેમજ ગુલાબના ફૂલ પણ નિસ્તેજ થઇ જતાં હતાં. વળી એ મેહેતાબ એવી ખુબ-સૂરત હતી કે જાણે તે—

काशमीरकी मृग्गनी, पंपासरको हंस;

रूप दियो मेहताबकों, खिधना सिंधु बंस. ४

કાસ્મીરમાં ઉત્પન્ન થનારા કસ્તુરીમૃગની માદા હોય, કિંવા પંપાસરો-વરના હંસનું બચ્ચું હોય, એવી સુંદર હતી. વળી વિધાતાએ મેહેતાબને એવું સુંદર રૂપ આપ્યું હતું કે જાણે તે, સિંધુ (સમુદ્ર)ના અંશથી ઉત્પન્ન થયેલી સ્વયં લક્ષ્મીજ ન હોય ? કિંવા—

जानुं अरससें[1] उत्तरी, परी खरी मेहताब;

सब मेरीको हर लियो, उरोज ऊपर आब. ५

મેહેતાબ જાણે આકાશ-સ્વર્ગમાંથી ઉતરી આવેલી ખરેખર—પરી-અપસરાજ ન હોય ! કે જેણે સમગ્ર જગતની સ્ત્રીઓનું નૂર—ખુબ-સૂરતી પોતાના પયોધર ઉપર લઇ લીધી છે. એટલે જેણે બધી સ્ત્રી-નું તેજ પોતાની મહાન્ ખુબસૂરતીથી આકર્ષી (ખેંચી લઈ)ને તેને બે જથાના રૂપમાં પોતાના ઊર ઉપર રાખ્યું છે—

---

૧. અરસ (ફા.) આકાશ.

ज्याहीथी गढ गंजने, शेखनके घर ताम;
नादानीसें छोड दई, महतारीके पास. ६

તે મેહેતાબનું બહુ નાની ઉમરમાં ગઢગંજણે શેખોને ત્યાં સગપણ કર્યું હતું, પરંતુ તેની નાની ઉમ્મરને લીધે તેના સાસરાએ પિણુનકા ન કરતાં તેને તેની માની પાસેજ રેહેવા દીધી હતી.

लडकी सोले बरसकी, बडी भई महताब;
छोड चले देशावरां, रोशनखान नवाब. ७

તે મેહેતાબ જ્યારે સોળ વર્ષની મોટી-ઉમ્મર લાયક—થઇ ત્યારે તેના પિતા નવાબ[2] રોશનખાંન તેને ઘેર મૂકીને પોતે ઇરાનના શાહાના એલચી તરીકે—(મિસર દેશમાં) પરદેશ ગયા.

मॅहलांशिर मॅहताब यों, रहे सहेलां संग;
छकी जुवानी छाकमें, रंगी बिरहके रंग. ८

પિતાના જવા પછી એવી રીતે જુવાનીના કેફમાં ઉન્મત થયેલી અને ઉમ્મરની યોગ્યતાના તથા વિરહના રંગથી રંગીન થયેલી મેહેતાબ પોતાના મેહેલો ઉપર હાસ્ય વિનોદમાં સખીઓ સાથે રેહેવા લાગી—

ज्वाहिरकी कटीमेखला, उर ज्वाहिरको हार;
बेंदी बनी जडावकी, मोतिन लरजुत बार. ९

---

૨. "નવાબ" એ પાદશાહોના વજીરોનીજ પદ્ગી છે. પરંતુ તેમને બીજા દેશોમાં સુબા—ગવર્નરો તરીકે અમલ કરવા મોકલતાં મૂળ સત્તા નરમ પડતાં તેઓ સ્વતંત્ર રાજા જેવા થઇ જતા.

કેડ ઉપર જવાહિરની કટી મેખળા—કંદોરો, છાતી ઉપર ઉમદા જ-વાહિરનો અમુલ્ય હાર, અર્ધ ચંદ્રના જેવા શુસોભિત—ગૌર કપાળમાં રત્ન જડીત ચાંદલો અને મોતીઓની શેરોવાળાં સુંદર કેશથી મે-હેતાબ અધિક કાંતિયુક્ત દેખાવા લાગી.—

अनवा भूषन त्यों अब्रर, पॅरकली शिरतार;
खेलत सँग सार्हेलियां, जामे रूप अपार. १०

તેમજ પગમાં બીજા સુંદર આભુષણ અને નાજુક કલ્લીઓ અને માથા-માં શિરતાર-(કલંગી)—શીશફૂલ વડે શોભતી મેહેતાબ, પોતાની અ-પાર ખુબસુરતીવાળી સાહેલીની સાથે ખેલ—રમતી હતી.

निरखत छबी मेहताबकी, सब भाखे संसार;
सुरासुरन नर नागमें, एसी न राजकुमार. ११

મેહેતાબની અલૌકિક કાંતિ જોઇને દુનિયાંના તમામ માણસો, એમ કહે છે, એના જેવી ખુબસુરત, દેવાંગના, અસુરાંગનાં, નાગ-કન્યા, કિંવા રાજકુમારી પણ કોઈ નથી. અર્થાત્ તે સર્વોત્તમ સ્વ-રૂપા છે.

चंद्रायणा.

सिंहकटी मृगनेनके अंजन सारिया,
कुच दो कली गुलाबके तन बिच तारिया;
रंभ खंभ सम जंघके, बेनी नाग सी;
परी खरी मेंहताब, सनेही लागसी. १२

કેસરી સિંહના જેવી પાતળી કટી છે, જેણે હરણના બચ્ચાંના જેવી સુંદર આંખ્યોમાં ઝીણું કાજળ સાર્યું છે, ગુલાબનાં ફૂલની કળીનાં જેવાં બે સ્તન છાતીરૂપી આકાશમાં તારાની માફક ઝળકી રહ્યાં છે. અવળાં કદળી સ્થંભોના જેવી કોમળ જાંઘો, અને કાળા નાગના જેવી સુંદર જેની વેણી છે, એવી કુદરતી ખુબસુરતીવાળી મેંહેતાબ, પ્રેમાળ–પ્રીતિવંત જનોને ખરેખરી પરી જેવી લાગે છે.

धर लिलंबर पाटके सारी पेरियां,
नदीआं हार शृंगार गगन बीच घेरियां;
दादुर मोर चकोर, दयंके दामनी;
मन झंखी मेहताब, पिया बिन कामनी. ११

પૃથ્વીરૂપી સ્ત્રીએ લીલા તૃણરૂપી વસ્ત્રની સાડી પહેરેલી છે, નદીઓ રૂપી—મોતીઓના—હાર ધારણ કર્યા છે, તે વખતે તેના પતિરૂપ મેઘ તેને મળવા માટે ગગનમંડળમાં ગર્જના કરી રહ્યો છે; મેઘના સખારૂપ દેડકાં, મોર, અને ચકોરો પ્રિયવાણી બોલે છે, અને વીજળીરૂપ દૂતી પોતાના ઝળકાર વડે તેના મેઘરૂપ પતિનું આગમન સૂચવે છે. આ મનોહર (કામને ઉદ્દીપન કરે તેવો) વર્ષાઋતુનો સમય જોઇને તેમજ પૃથ્વીરૂપ નાયકા અને મેઘરૂપ નાયકનો સમાગમ થતો જોઇને પતિ વગરની મહેતાબ મનમાં ઉદાસ થાય છે. અને આ કુદરતી દંપતિનો મેળાપ જોઇને જાણે તેમની ઇર્ષા કરતી હોય તેમ–

दोहा.

दरपनमें मुख देखके, लेत निसासा बाल,
"बिना पुरुष कुन कामको, (यह) जोबन रूप रसाल" १४

મેહેતાબ આરિસામાં પોતાનું મોઢું જોઇ નિશાસા નાંખે છે અને અને નિરાશ થઇ કહે છે કે "પુરૂષ—નાયક—વગર આ રસવાળાં રૂપ અને જુવાની શા કામનાં છે?"

मन शोचे म'ताब यों, नेनां डारे नीर;
"कहो सखी में क्या करी? करताकी तकसीर." १५

એવી રીતે દિલમાં દિલગીર થતી અને આંખોમાંથી આંશુનું પાણી વહેરાવતી મહેતાબ, પોતાની શાણી સાહેલીઓને પૂછે છે કે "હે! સખીઓ! તમે કહો કે વિધાતાની મેં શી તકસીર—ગુન્હો કર્યો છે? જે મને પતિથી બેનસીબ રાખી? અર્થાત પતિ ન આપ્યો.

अली मिली सब यों कहे, राखो जीव निशंक;
लिख्या लिलाट सु पाइयें, जो बिधना किय अंक. १६

ત્યારે સર્વ સખિયો મળીને મહેતાબને એમ કહે છે કે "તમારા જીવને નિશંક—નિશ્ચિત—આનંદમાં રાખો; એતો પૂર્વ કર્માનુંસાર વિધાતાએ લલાટ (નસીબ) માં જે પ્રમાણે લેખ લખ્યા છે, તે પ્રમાણે આપણે સંસારમાં સુખ દુઃખ મેળવીએ છીએ." એવી રીતે મેહેતાબ પોતાના બાપના મેહેલમાં રહે છે, તેવામાં—

साहॅबजादा मोजदीन, चढी चल्यो चोगान;

मे'ला रोशनखानके, आगे निकस्यो आन. १७

એક દિવસ બાદશાહનો શાહજાદો મોજદીન–પોતાના પાણીદાર ઘોડાપર–સવાર થઈને મેદાન તરફ ચાલ્યો જતો હતો, તે આ મહેતાબના પિતા રોશનખાન વજીરના મહેલ–પાસે સહેજે–સ્વભાવિક રીતેજ નીકળી આવ્યો. તે શાહજાદો આગળ વર્ણવ્યા પ્રમાણે–

जेसा खुब जुवान हे, तेसी सूरत पाक;

साहॅबजादे खेंचिया, अति ऊंचे ऐराक. १८

જેવો ખુબસૂરત નવજુવાન હતો, તેવીજ તેની સૂરત (ખુબસૂરતી) પણ ઘણી ઉત્તમ હતી. ઘોડા ઉપર ચઢેલો મોજદીન પોતાના પૂર દમામમાં જેવો મેહેતાબના મહેલ નીચે આવ્યો–તેવીજ તેની નજર પડતાં–તેણે પોતાના ઘોડાને લગામ અતિ જોરથી ઊંચી ખેંચીને ઉભો રાખ્યો. જે ઝરૂખે મોજદીનની દ્રષ્ટિ પડી—

याहि झरोखे झांखियत, ले परियँचकी ओट;

मोजदीन मे'ताबकी, लगी चश्मकी चोट. १९

તેજ ઝરૂખામાં જોતાં ચકના–સહેજ–ઓથે રહેલી મેહેતાબને દીઠી કે–મોજદીન અને મેહેતાબ–બંનેની આંખોની ચોટ લાગી ગઇ, અને દ્રષ્ટિ માત્રથી બંનેની પ્રીતિનો દોર સંધાયો. ઘણીવાર સુધી બંને એક બીજાને જોતાં આંખની પલક માર્યા વગર જડરૂપ થઇને ઊભા રહ્યા.

बिच को दासी ना परी, मुखनें कह्यो न बेन;
अंतर दोर सनेहको, लगन लगे दो नेन. २०

તેમની પ્રીતિ કરાવવાને વચ્ચે કોઇ દાસી પડી નહિ, તેમ મોઢા-થી કોઇએ વચન પણ કહ્યું નહિ. મોજદીન અને મહેતાબના અં-તઃકરણમાંથી ઉઠેલી સ્નેહની દોરી વડે તેમની બંનેની પ્રીતિની ગાંઠ માત્ર ચાર આંખો વડેજ લાગી ગઇ. પણ શાહજાદો પોતાના પિ-તાના માનિતા વજીરનું ઘર સમજી લાજશરમને લીધે પોતાનો ઘો-ડો દોડાવી ચાલતો થયો. તથાપિ —

लगी लगन लागी सही, मन सों आपहीं आप;
प्रीत किशी उन मानसां, दासी करत मिलाप; २१

અકસ્માત–એકાએક–લાગેલી પ્રીતિની ગાંઠ તે પોતાની મેળે ખ-રેખરી લાગીજ. એટલે એકબીજાને પતિ પત્નિ તરીકે પોતેજ પોતાની મેળે પસંદ કરી લીધાં. કવિ કહે છે, તે પ્રીતિ કશા કામની છે? કે જે સાહેલી વગેરે બીજાં માણસ સાંધે છે. ખરેખરી સત્ય અને નિર્મળ તથા જન્મપર્યંત રહેવાની પ્રીતિ તો તેજ છે કે જે સ્વભાવિક રીતે સ્વયં ઉત્પન્ન થયેલી સ્વયંવરના જેવી છે.

“सुनहु बात सहेलियां?” कह महताब बिचार;
“बेदरदीक्या जान हे ? दरदीहीका मार. २२

હવે મહેલમાં રહેલી મહેતાબ પોતાની સાહેલીઓને પોતાનો વિચાર કહી સંભળાવે છે કે “ આજે હું પ્રીતિના રસમાં ઘેરાઇને

દર્દી થઇ, પરંતુ તમે બેદરદી—પ્રીતિના રસ વગરનાઓ છે, માટે મારા જેવી દર્દવાળીના દર્દના દુઃખનો ભાર તમે શી રીતે જાણી શકો?"
વળી મહેતાબ કહે છે કે-

"मार भली जम दाढकी, तीर, गेल, खगधार;
मतको लग्गो मेरियां, मन आशककी मार. २३

"—હું સ્વાનુંભવથી કહુંછું કે, ભયંકર જમની દાઢોનો માર સારો, તેમ તીર, બરછી અને તલવારની ધારનો માર પણ સારો છે પણ મનમાં આશકના ઇસ્કનો માર લાગે તે ઘણોજ દુઃખદાયક છે. તેથી હું ચાહું છું કે કોઇપણ સ્ત્રીઓને એ આશકના ઇશ્કરૂપી માર લાગશોમાં.—
પરંતુ હવે

ऐसी कोन महेलियां, जाने अक्कल बिजोर;
पकड लियावे मे'लमें, मेरे चितको चोर." २४

મારી સાહેલીયાં એવી કોઇ છે? કે જે બુધ્ધિના વિશેષ જોરથી જાણીને મારા ચિત્તના ચોરનાર (શાહજાદા) ને મારી પાસે પકડીને હાજર કરે"? એવો મેહેતાબનો સવાલ સાંભળીને તેની સર્વ સાહેલીઓ વિચાર કરી એકમત થઇને કહેછે કેઃ—

"एसी नूरां ढढ्ढनी, जामें बुद्धप्रकाश;
तेरे चितके चोरको, पकड लियावे पास. २५

"એવી તો નૂરાં ઢાઢણ છે, કે જેના અંતઃકરણમાં અથાગ બુધ્ધિનો પ્રકાશ છે, અને અમે ખાત્રી તથા સંપૂર્ણ હિંમતથી કહી શકીએ છીએ કે તે—તારા ચિતના ચોરને તારી પાસે લઇ આવી હાજર

કરશે." સાહેલીઓનાં આવાં વચન સાંભળીને મહેતાબે તેજ વખત નૂરાં ઢાઢણને બોલાવીને કહ્યું કે—

"सुनबे! नूरां ढढूनी ! तेरी लहुं बलाय;
जो तुं मेरे मे'लमें, मोजदीनकों लाय" २६

હે નુરાંઢાઢણ !—તારી બુધ્ધિ અને ચાલાકીની મેં બહુ તારીફ સાંભળીને તને એક મોટું કામ બજાવવા માટે બોલાવી છે તે એકે-જો તું મારા ચિત્તના ચોર (શાહાજાદા મોજદીનને) ગાહારા મેહેલમાં તેડી લાવે તો તારા ઉપરથી હું વારી જાઉં.-એટલુંજ નહિ પણ હું તને પુષ્કળ નવાજેશ કરીને-ઇનામ આપું" મેહેતાબનાં આવા પ્રીતિ-યુક્ત વચન સાંભળીને નૂરાં કહે છે કે:—

"तो में तेरी ढढूनी, सुन मे'ताब सु कथ्थ;
पकड लियाबो मे'लमें, मोजदीनको हथ्थ." २७

"હે! મેહેતાબ! તું મારૂ વચન સાંભળ કે-જો હું મોજદીનનો હાથ પકડીને તારા મેહેલમાં તેડી લાવું, તોજ તારી ખરેખરી ઢાઢણ દાસી છું એમ સમજજે. અર્થાત મોજદીનને તેડી લાવવાની હું પ્રતીજ્ઞા કરૂંછું." એમ કહીને નૂરાં પોતે ઝડપેલા બીડાને પાર પાડવા માટે ચાલતી થઇ. અને

खास खेलके मे'लमें, मोजदीन आराम;
देखी बखत एकांतको, ढढनी करी सलाम. २८

મોજદીનના એક સુંદર બગીચામાં જ્યાં તેનો ખાસ-મોજશોખ

મેળવવાનો મેહેલ હતો ત્યાં જઇ એકાંતનો વખત જોઇને આ ઢાઢણી-એ શાહાજાદાને સલામ કરીને (પોતાના કુળનો ગાયનનો ધંધો છે તે પ્રમાણે તેણે) યંત્ર (વીણા) વગાડવા માંડયું, તેમાં જ્યારે મોજદીન બરાબર મુસ્તાક થયો, ત્યારે નૂરાંએ—

यंत्र बजाई तंत्रसें, मोजदीन समुझाय;
"रोशनखान वजीरकी, बेटी तुमे बुलाय." ૨૯

યુકિતથી વીણા વગાડીને તેમાં સમજાવ્યું કે—"તમે! તમારી મનોહર મૂર્તિના દર્શન કરાવીને જેને મોહિત કરી ગયા છો તે—રોશનખાન વજીરની પુત્રી (મેહેતાબ) તમને બોલાવે છે." આ કાનને અતિ કોમળ અને પ્રિય લાગે એવું વીણાનું ગાયન સાંભળીને જેના ચિતમાં મેહેતાબજ વસી રહેલી છે. એવો મોજદીન બહુ ખુશી થયો; અને ઢાઢણ સાથે મહેતાબના મહેલમાં જવા માટે વચનથી બંધાયો.

साहॅबजादा रातकों, घर ढढनीके आय;
मिलके पंच सहेलियां, मे'लुमें पहुचाय. ૩૦

તે પ્રમાણે રાતને વખતે તે નૂરાં ઢાઢણને ઘેર ગયો. ત્યાંથી—કરી રાખેલા સંકેત અને યુકિત પ્રમાણે—પાંચ સાહેલીઓ મળીને તદબીરથી મોજદીનને મેહેતાબના મહેલમાં પહોંચાડવા માટે લઇ ગઇઓ, ત્યાં દેવડીમાંથી જતાં—

अंधा दोढीवान हे, बोला बेन असाय;
"सब नारीके बीचमें, मरद उठावत पाय." ૩૧

ત્યાં બેઠેલા એક આંધળા દરવાને એવું વચન કહ્યું કે "સઘળી સ્ત્રીઓની વચ્ચે એક પુરૂષ પગ ઉપાડે છે" અંધાની આ બેહદ શક્તિ અને ચાલાકી જોઈને બધી સાહેલીઓ ઘણી નવાઈ પામી, પણ તે અણીના વખતે તેમણે સમયસૂચકતા વાપરીને—

मूठीभर मो'रां दई, अंधा खुशी रखाय;
सखीयां सब मे'तावको, मोजदीन मिलवाय. ३२

તે આંધળાને એક મૂઠી ભરીને સોનાના સિક્કા આપી તેને ખુશી રાખીને સર્વ સખીઓએ આ પ્રમાણે મળીને યુક્તિથી મેહેતાબને મોજદીન મેળવી આપ્યો. પરંતુ આ સર્વ વાત તદન ગુપ્તજ હતી.

जानत पंच सहेलियां, भीतरहुको भेद;
मोजदीन मे'तावकी, आठों पो'र उमेद. ३३

માત્ર મેહેતાબની પાંચ સાહેલીઓજ આ અંદરનો ભેદ તેમ મોજદીન અને મેહેતાબની આઠે પહોર (રાત્રિ દિવસ)ની સતત મોજશોખ અને પ્રીતીના આનંદની ઉમેદને જાણતી હતી, તે શિવાય બીજું કોઈ મનુષ્ય જાણતું નહોતું.

राग रंगमें सरस हे, रम रहे भोग बिलास;
मोजदीन मे'तावकी, चली सनेह सुवास. ३४

એવી રીતે કેટલાક વખત સૂધી રાગરંગ અને શ્રેષ્ટ ભોગવિલાસ કરતાં અંતે મોજદીન અને મેહેતાબની પ્રીતિની તારીફ શેહેરમાં થોડે થોડે ચાલવા લાગી. અને કેટલાક માણસો તે વાતથી જ્યારે વાકેફ થયા ત્યારપછી—

चली बात सब शहरमें, खुदादीनके कान;

साहॅबजादे भंजिया, बडे घरुंका मान. २५

આખા શેહેરમાં એજ વાતની ચરચા ચાલી,-ત્યાંથી અમીર ઉમરાવોને ખબર પડતાં તે વાત-શાહ ખુદાદીનના કાન સુધી પણ પહોંચી. ત્યારે બાદશાહે વિચાર્યું કે "શાહજાદો હવે એકદમ ફાટી ગયો છે. જેથી તેણે મારા-માનકારી-મોટા માણસોના ઘરોનું માન પણ તોડ્યું." આવા વિચારથી ગુસ્સે થઇને—

दीआ निकाली देशतें, मोजदीनकों शाह,

साहॅबजादे ग्रह लिया, रोम शहरका राह. २६

ખુદાદીન શાહે મોજદીનેને-કરવા ધારેલી દેહાંતની શિક્ષા અમીરોના કહેવાથી માફ કરીને-પોતાના દેશમાંથી કાઢી મૂક્યો. પોતાના પિતાનો હુકમ શિરતાજ કરી તત્કાળ મોજદીને રોમ શહેરનો રસ્તો લીધો-અર્થાત તે રોમ જવામાટે રવાને થયો. કેટલેક દિવસે મુસાફરી કરતાં તે ત્યાં જઇ પહોંચ્યો, ને તજવીજ કરી તો ત્યાં રોમના-

आप पातशा तखतपर, शा' अहमद सुलतान;

महमदखान वजीरहु, मिल पाये सनमान. २७

તખત ઉપર અહમદશાહ નામે સુલતાન પોતે રાજ્ય ચલાવતો હતો; તેના મહમદખાન નામે-ઘણા બુદ્ધિશાળી ને દૂરદર્શિ-વજીર-ને મોજદીન મળીને સન્માન પામ્યો. મતલબ કે તેને ઈરાનના શાહ-નો શાહજાદો જાણીને મહમદખાને ઘણું માન આપ્યું. એટલુંજ નહિ પણ

બાદશાહ પાસે તેડી જઇને તેની ઓળખાણ કરાવી; ત્યાં મોજદીનની ખુબસૂરતી, બુદ્ધિ ઇત્યાદિ જોઇને પાદશાહે તેનાપર ખુશી થઇને–

मनसब दीना देशका, शहर हवेली दीन;
मोजदीनका पादशा, बडा बधारा कीन. २८

પોતાના દેશના મોટા લશ્કરી સરદારની જગ્યા તેને આપી. તેમજ રહેવા માટે શેહેરમાં એક મોટી સુંદર હવેલી આપી. એવી રીતે અહમદશાહ સુલતાને, મોજદીનને શ્રેષ્ટ કુળનો, બુદ્ધિમાન્ અને રાજ્યવંશી પુરૂષ જાણીને તેનો ઘણો માનમરતબો વધાર્યો. તેમ મોજદીને પણ મેહેતાબની એક રંગી–સત્ય–પ્રીતિનો રસ ચાખવાથી આગળની સર્વ ઉન્મત્તાઈ તો પ્રથમજ છોડી દીધી હતી પણ હાલ અહીં તેથી પણ વધારે સદ્વર્તનથી વર્તીને તે પાદશાહ અને રૈયતને પ્રીતિપાત્ર થયો.

साहेब शहर इरानसें, गया देशावर जोर;
ता पीछे मे'ताबकों, भया अँघराघोर† २९

અહીં શહેરે ઇરાનમાં, શાહજાદો મોજદીન જ્યારથી વિદેશ ગયો ત્યારથી પાછળ મેહેતાબના મનથી–સૂરજ અને અગ્નિની પુષ્કળ જ્યોતિ છતાં પણ અંધારૂં ઘોર થઇ રહ્યું. અર્થાત તેને કંઇ સૂ-

---

† એક પ્રતમાં આ દોહરાનો પાઠ નીચે મુજબ છે.

"साहेबजादा रोमकों, गया देशावर से'ल;
ता पीछे मेताबकों, भया अंधेरा मे'ल."

જ પડતી નથી,-તે આંધળી ને બાવરી જેવી થઈ રહી છે. તેમ જે દિવસથી મોજદીન ગયો છે, તે દિવસથી તેણે—

केसर, चंदन, कुमकुमा, सोंध गुलाब सुवास;
तज दीना मे'तावने, हांसी खेल हुलास. ४०

કેસર, (મલય પર્વતમાં ઉત્પન્ન થનારૂં શીતળ) ચંદન, પડોપાંદડી, કંકુ અને ગુલાબ વગેરે તમામ સુગંધી વસ્તુઓ, તેમજ હાસ્યવિલાસના સુખોને મેહેતાએ છોડી દીધાં. તેમ—વળી.

खानपान सब छंडिया, रात दिवसको रोन;
सखी कहे मे'तावकों, "तुजे भया दुख कोन?" ४१

ખાવા પીવાનું સર્વ છોડીને રાત્રી દિવસ-મોજદીનની પ્રીતિને સંભારી સંભારીને-રોયાજ કરે છે,-કોઇની વાત સાંભળતી નથી, કોઇને કંઇ કહેતી નથી, કોઇનાપર હુકમ કરતી નથી.—એવી મેહેતાબની દુ:ખી સ્થિતિ જોઇને-સખીઓ અતિ દીલગીર થઇને તેને પૂછે કે છે "હે શાણી અને વ્હાલી મેહેતાબ! તને શું દુ:ખ થયું છે?" ત્યારે મેહેતાબ કહે છે કે-

"अली अभागिनि मैं भई, नागिनि डसी न मोय;
साहँबजादा मोजदीँन, देश निकाला सोय. ४२

"હે! પ્રિય સખીઓ! હુંજ હતભાગ્ય થઇ, મને નાગણી કરડી નહિ કે, જેથી મારી જીંદગીનો તુરત અંત આવત, અરે મેંજ

મોજદીન જેવા–રાજ્યના હકદાર–શાહજાદાને વિના કારણે દેશપાર કરાવ્યો. અર્થાત તેને આ રાજ્યભુવનોનું સુખ છોડાવી દેશનિકાલ કરાવવાને હુંજ અભાગિણી કારણભૂત થઇ—વળી હે સખી! તેની સાથે—

सुख लेनेकों हे! सखी, मैंने कियो सनेह;
सेज पिया सुख ना लियो,दुखउपज्यो यह देह.४३*

સુખ લેવા માટે મેં સ્નેહ કર્યો, પણ–વિધાતાએ મારા નસીબમાં સુખ ભોગવવાનું સરજ્યુંજ નથી–તેથી તે પ્રિય પતિની સાથે સંયોગસુખ તો લીધું નહિ, પણ ઉલટું વધારે વિયોગથી દુઃખ ઉપજ્યું,

सुख लेनेकों मैं सखी ! केसो करुं उपाय?
साहेब शहर इरानसें, बेश रोमकों जाय." ४४

અને તે મારો પ્રિયપતિ આ હીનભાગ્ય ઇરાનને છોડીને સદ્ભાગ્યવાળા રોમ શેહેરમાં ગયા ત્યારે હવે તે પતિનું સુખ ભોગવવાને હું શો ઉપાય કરૂં?"

चंद्रायणा.

कह महताब "सुजान! सखी ! सुन बत्तियां,
भीतर भया कठोर, फटे नहि छांत्तयां;
साहेबजादा नूर, खुशाली ले गया,
बदनामी दिक्दार, फकीरी दे गया. ४५

* એ દોહરો એક પ્રતમાં સમૂળગો છેજ નહિ.

વળી મહેતાબ કહે છે કે "હે શ્યાણી સખી! તું મારી વાત સાંભળ કે મારૂં આ નઠોર અંતઃકરણ કેવું કઠોર થઇ બેઠું છે કે, મોજદીન જેવા દેશના ખાવિંદ સમાન–ખાવિંદ(પતિ)ને દેશનિકાલ કરાવ્યો તથાપિ હજુ પણ તે ફાટી જતું નથી. હે બે'ના મારૂં તેજ–રૂપ અને ખુશાલી તો શાહજાદો પોતાની સાથે લઇ ગયો, અને તે દિલદાર, મને તેના બદલામા બદનામી તથા ફકીરી આપી ગયો. વળી–

सुख लेनेकों प्रीत, करी उन पीयसों,
प्रीत भई बिपरीत, जाऊंगी जीयसों;
साहेबजादा देश–निकाला शाहने,
मुजे दई बदनाम, सखी ! दो राहने." ૪૬

મેં સુખ લેવા માટે તે પ્રિયતમ સાથે પ્રીતિ કરી, પણ તે પ્રીતિ તો–વિપરીત–અવળી થઇ, અને તેથીજ–તે પ્રીતિના દર્દમાંજ હું જીવથી જઇશ, અર્થાત શાહજાદો મને મળશે નહિ તો, હું આમ ઝુરીઝુરીને મરણ પામીશ. અરે બે'ન! હું મરણ પામીશ, તેની મને કંઇ દિલગીરી નથી, પણ મારા માટે પાદશાહે શાહજાદાને દેશનિકાલ કરીને આ, અને પરલોકના બંને માર્ગમાં મને બદનામી આપી. એજ માત્ર દિલગીરી છે. " ત્યારે સખી દિલાસો આપતાં કહે છે કે:—

दोहा.

"बदनामी डरियें नहिं, करियें जबे सनेह;
सेज पिया सुख लीजियें, दुख नां दीजें देह. ૪૭

"હે મેહેતાબ! જ્યારે પ્રીતિ કરવી ત્યારે બદનામીથી બીવું નહિ; પણ ગમે તે રીતે તે પ્રિયતમ સાથે સંયોગસુખ લેવું; અને દેહને કષ્ટ દેવું નહિ." "બદનામીથી ડરવું નહિ." આ સખીનું કહેવું મહેતાબને ગેરવ્યાજબી લાગવાથી તે બોલી કે—

"बदनामी शिर मेरियां, चढी सो उतरे नांहि;"
तांते बुरो न मानियें, मरबेको मनमांहि." ૪૮

"અરે દિવાની! સ્ત્રીઓને માથે ચડેલી બદનામી કયારે પણ ઉતરતી નથી.—મને જોઇને સર્વે એમ કહેશે કે "આ સ્ત્રીએ શાહજાદા મોજદીનને દેશપાર કરાવ્યો." અરે એવી બદનામી ભરેલી જિંદગી કરતાંજ મરવાનું ખરાબ છે, એમ હું મારા મનથી બિલકુલ માનતી નથી. અર્થાત મરણને તે કરતાં સો દરજ્જે સારૂં ગણી તેજ ચાહું છું.—

चाखन चाहियेँ प्रेमरस, राखन चाहियेँ शीश;
ए दोनुं मो भालमें, ना बकशो जगदीश. ૪૯

મરવાનું જેણે નક્કી કરેલું છું, એવી મેહેતાબે એક ઉંડો નિશ્વાસ નાંખીને વળી કહ્યું કે "અહા! પ્રીતિના રસને ચાખવાની ચાહના, અને માથું (જીંદગી) કાયમ રાખવાની ઇચ્છા, એ બંને વસ્તુઓ એકત્ર—સાથે—મારા નસીબમાં ઇશ્વિરે લખી આપી નથી.—તેથી મારા જેવી બીજી અભાગિણી દુનિયામાં કોણ હોય"? વળી વિચાર કરીને મોજદીનને મળવાની આશાથી મેહેતાબ કહે છે કે—

देश पडे दो बीचमें, सुनो सयानी लोय !
आली दोर सनेहकी, केती लंबी होय ?" ५०

"હે શાણી સખીઓ! મારી અને મોજદીનની વચ્ચે બે દેશનું અંતર છે-એટલે દૂર જવા છતાં પણ શું મોજદીન મારાપર આગળ પ્રમાણે સ્નેહ રાખતો હશે?-તમે મને કહો કે પ્રીતિની દોરી તે કેટલીક લાંબી થતી હશે?-શું હું તેને બોલાવું તો તે મારી પાસે આવે?" આ સાંભળીને સખીઓ તેને સમજાવે છે કે-

"तांणेसों तूटे नहि, खेंचलिया कित जाय?
गुडि उडि अशमानमें, अपने करमें आय." ५१.

"હે! મહેતાબ! જેમ આકાશમાં ચઢાવેલી પડાઈની દોરી તાણતાં તૂટે નહિ.-એવી મજબૂત હોય તો ખેંચી લેતાં તે પડાઈ ક્યાં જવાની છે? એટલે કે આપણા હાથમાંજ આવે છે, તેમ તમારા બંનેના પ્રેમ રૂપી દોરી મજબૂત હશે, તો તારા ખેંચાણથી તણાયલો મોજદી. તારી પાસે આવશેજ."

शील सुनी सखियानकी, उपज्यो प्रेम विशेष;
"आतुर दूत पठाइयें, रोमशोमके देश." ५२

એવી સખીઓની સપ્રમાણ શીખામણ સાંભળીને મેહેતાબને વધારે પ્રેમ ઉત્પન્ન થયો, તેથી તે બોલી કે "ત્યારે હમણાજ તાકીદે આપણે રોમશામના દેશ તરફ દૂત મોકલીએ." એમ કહીને તેજ વખત રોમ જવા માટે એક ઘણોજ ઉત્તમ સાંઢણીસવાર-દૂત તૈયાર કર્યો, અને તેની સાથે.-

लीख भेजा मे'ताबने, मोजदीन के पास;
"मैं राखुं शिरउपरें, तेरे जियकी आश. ५३

નીચે પ્રમાણે મોજદીન ઉપરનો કાગળ લખીને મેહેતાએ તેને આપ્યો-" હે ! મારા વ્હાલા પતિ ! તું કોઇ પણ પ્રકારની ધાસ્તી રાખ્યા વગર અહીં આવ,—મારા માથાને સાટે હું તારા જીવનની આશા રાખું છું; અર્થાત મારૂં માથું જશે તે બેહેતર છે, પરંતુ તારો જીવ જવા નહિ દઊં—

मैं तुज बांदी सा हबा ! तुं मेरो सरदार;
अनल पंखिके अंड ज्यों, नां तजि हों निरधार "५४

હે સાહેબ ! હું તારી-ખરીદેલી-ગુલામડી છું, અને તું મારો સરદાર છો, અનળપક્ષી[1] જેમ પોતાનાં ઇંડાં મરણપર્યંત એક ઘડી પણ વીલાં મૂકતુ નથી; તેમ હું પણ તને એક ઘડી પણ અળગો કરીશ નહિ.

प्रीत करी तुमसों हमें, बालापनमें बेश;
हजरत ! एमी नां घटे, तजके गये विदेश. ५५

હે ! હજરત ! મેં તમારાથી બાળપણામાં શ્રેષ્ટ-સત્ય-અને નિર્મળ પ્રીતિ કરી, ત્યારે તમને હવે આવું કરવું યોગ્ય નથી, કે મને

---

૧ એ પક્ષી આકાશમાં ઉડે છે ત્યારે પણ પોતાના ઈંડાપરથી નજર મૂકવતુ નથી, જેમ બીજા પક્ષીઓ ઉપર બેસીને ઇંડાં સેવે છે, તેમ એ પક્ષી માત્ર નજરથી પોતાનાં ઇંડાં સેવે છે.

એકલી મૂકીને તમે વિદેશમાં ચાલ્યા ગયા–માટે આ પત્ર વાંચીને તેજ વખત—

तर अत्तर पोशाक कर, कर सत्तरपर जेन;
साहिब बेग पधारियें, नवरोजेकी रेन. ૯૬

તમારી હમેશની ટેવ પ્રમાણે—અત્તરથી પોષાક તર કરી, ઊંટપર જીન કરાવીને હે ! સાહેબ ! નવરોજ–શુકરવારની રાત્રીએ પધારજો.

जो तुम कल ना आओगे, तो मैं तजों शरीर;
साहिबकी दरगाहमें, होंउगि दावनगीर. ૯૭

હે પ્રિયપતિ! તમે કાલે નહિ આવી પહોંચો તો હું દેહ ત્યાગ કરીશ; તેની તમને સ્ત્રીહત્યા લાગશે, એટલુંજ નહિ પણ વળી–ઈશ્વરની પવિત્ર ઇનસાફની દરગાહમાં હું તમારાથી મારો દાવો બાંધીશ. અર્થાત તમે જે મને પ્રીતિ–પાસમાં બાંધીને દુ:ખી કરી છે, તેનો જવાબ હું ત્યાં પરમેશ્વર પાસે પણ લઇશ. કેમકે—

आगुं मोह लगायके, बहुर तजी तुम मोय !
साहेबके दरबारमें, गुन्हेगार तुम होय. ૯૮

પ્રથમ તમે મને પ્રીતિની મોહિની લગાડીને પછી તજી દીધી છે, તેથી ઇશ્વરની ઇન્સાફની દરગાહમાં તમે ગુન્હેગાર થઇ ચૂકયા છો,–કેમકે જેનાથી પ્રીતિ કરી, તે માણસ આપણાથી નિષ્કપટ ભાવથી વર્તતો હોય, છતાં તેની પ્રીતિને તોડી નાંખવી. એ પવિત્ર ફરમાનથી વિરૂદ્ધ છે. વળી,—

जोबन मेरा लूंटके, बहुरि तजोगे आप;
साहिब घर जब आवगे, हु अपना इन्साफ." ५९

પ્રથમ તમે મારી જુવાની-રૂપી બગીચાને લૂટીને હવે તેને તજી દેશો તો- હું તો હમણાજ અલ્લાહની દરગાહ તરફ રવાની થઈશ, પણ-આપ જ્યારે ત્યાં આવશો ત્યારે તે સાહેબને ઘેર આપણો અદલ-ઈનસાફ થશે. માટે ઉપલી સર્વ બાબત વાંચીને જેમ બને તેમ તાકીદથી અહીં આવજો." આ પત્ર જ્યારે મોજદીનને પહોંચ્યો ત્યારે,-

मोजदीन खत बांचके, सत्र लिया मँगवाय;
तीन पौ'रकी रेनमें, कोश तीन सो आय. ६०

મોજદીને તે પત્ર વાંચ્યો કે-તેને એટલે બધી મેહેતાબની પ્રીતિની નવેસરથી અસર થઈ કે- તેજ વખત એક પવનવેગી ત્રણ પહોરની અંદર ત્રણસો ગાઊ ચાલનારો ઉત્તમમાં ઉત્તમ સુલતાનની સવારીનો ઊંટ મંગાવી લીધો, તે ઊંટ તમામ કિંમતી સાજથી શણગારેલો હતો.—

गज मोतिनके[1] गोवहें, जडिया जेन जडाव;
सत्र सु चढया मोजदीन, पंखिरावके दाव. ६१

---

૧. જેમ શીપમાંથી ઉમદા મોતી નીકળે છે, તેમ હાથીના કુંભસ્થળમાંથી પણ ઘણું શ્રેષ્ઠ મોતી નીકળે છે. તેને ગજમુક્તા કહે છે. એમ ઘણા ગ્રંથોમાં લખેલું છે.

જેને ગજમુક્તાના ગોરબંધ બાંધેલા હતા, અને જેનું કાંઠું ર- ત્નોથી જડેલું હતું એવા—સોનેરી સાજવાળા—ઊંટપર સવાર થઇને ગરૂડના જેવી ગતિથી મોજદીન ઇરાન તરફ રવાને થયો—

आन लगाया पीठसें, आबदार लिय आब;
आया शहर इरानमें, मोज मिलन मे'ताब. ६२

એ અતિ ઊંચા પાણીદાર ઊંટે મોજદીનને પોતાની પીઠપર લી- ધો, ત્યારે મોજદીનને એમ લાગ્યું, કે મેહેતાબથી મોજમજાહ મેળવ- વા માટે હું શેહેરે ઇરાનમાં થોડી ઘડીમાં પહોંચી જઇશ. એવા વિચારના તરંગ ઉઠાવતો મોજદીન—

आया शहर इरानमें, वे ढढनीके गेह;
ढढनी जाय मे'ताबकों, दोर बधाइ देह. ६३

શેહેરે ઇરાનમાં તે—નૂરાં—ઢાઢણને ઘેર જઈ પહોંચ્યો.—તેણે તેની આગતા સ્વાગતા કરીને—એકદમ દોડી જઇને મેહેતાબને વધામણી દીધી.—આ વધામણી સાંભળતાંજ જાણે કોઇ મૃતક ઉપર અમૃત રેડતાં તે સજીવન થયું હોય, તેમ મહેતાબ એકદમ આનંદથી ઉભી થઈ. અને—

आया सुना मे'ताबने, साहेबजादा यार;
ढढनिकुं दियो बधाइमें, गजमोतनको हार. ६४

"પોતાનો પ્રિયતમ શાહાજાદો—મોજદીન—આવ્યો" એ શબ્દો નૂ- રાંના મોઢામાંથી સાંભળતાંજ, મેહેતાબે પોતાના ગળામાં પહેરેલો ગજમુકતાનો હાર ઉતારીને વધામણી તરીકે તેની કોટમાં પહે-

રાવી દીધો.-અને તેજ વખત મોજદીનને માટે ખાનપાનાદિકની સર્વે તૈયારીઓનો હુકમ આપીને,—

भेजी पंच सहेलियां, दोढीमें बुलवाय;
कियो निछावर मोतियां, अंदर लियो बधाय. ६८

પોતાની વિશ્વાસુ પાંચ સાહેલીઓને મોકલી મોજદીનને મહેલમાં બોલાવીને, મોતીઓથી વધાવીને અંદર લીધો.-તે વખતે મહેતાબ જેમ નવો, અલૌકિક અને ઇચ્છિત અવતાર પામી હોય તેમ આનંદમય દેખાવા લાગી. કેટલાક વખત સુધી આંખો રૂપી પ્યાલાથી પ્રેમરસ રૂપી નિશો પીધા પછી મેહેતાબે કહ્યું કે—

"धन ! आजुका दीहरा, धन ! आजुकी रेन;
बीत दिनोंसें देखिया, साहेबजादा नेन. ६६

"આજના દિવસને ધન્ય છે, તેમ આજની રાત્રીને પણ ધન્ય છે, કે જ્યારે ઘણે કાળે હું આપ। સાહેબજાદાને મારી આંખોવડે ફરીવાર જોઇને ભાગ્યશાળી થઈ !—ખરેખર આપના દર્શનથીજ હું આજ આ સંસારમાં છું, એમ મને ભાન થાય છે. જો થોડા દિવસની પણ આપે ઢીલ કરી હોત તો આપણો મેળાપ થવો અશક્ય હતો. કેમકે હું વહેલીજ અલ્લાહની દરગાહમાં પહોંચી ગઇ હોત.

साहेब ! तेरे नामपर, मैं वारी लखवेर;
सास उसास न भूलहों, सूरत बेर अबेर." ६७

હે ! પ્રિયતમ ! હું તારા નામપરથી એક લાખવાર વારી જાઉં છું.-કુરબાન છું, તારી ખુબસૂરત-સૂરતને વખત કવખતે કે શ્વા-

સોશ્વાસ લેતાં પણ નહિજ ભૂલું." એમ પ્રેમની વાતો કરતાં કેટલાક દિવસો વીતી ગયા.

रति रूप सी भारजा, कामदेव सो कंत;
मोजदीन मे'तावके, फूलेफूल वसंत. ६८

રતિના સ્વરૂપ જેવી મહેતાબ પત્નિ અને કામદેવના જેવો મોજદીન પતિ, તેમના પ્રીતિરૂપ પુષ્પો વસંતના પેઠે ખીલી રહ્યાં.

"लगी लगन टूटे नहिं, जो तुम वसो बिदेश;
साहेब शहर इरानमें, आवत जात हमेश." ६९

એક દિવસ મોજદીને રોમ જવા માટે ઇચ્છા કરી, ત્યારે મેહેતાબે કહ્યું કે-"તમે આહેતો વિદેશ જાઓ, તથાપિ આપણી જે પ્રીતિ લાગી છે તે તૂટવાની નથી. તે માટે હે સાહેબ! તમે ત્યાંથી આવી રીતે સાંઢણીવડે શેહેરે ઇરાનમાં હમેશાં આવતા જતા રહો, તો હું આશાવડે આનંદથી દિવસ ગાળીશ. તે વાત મોજદીને કબૂલ કરી.

जेसें फूल कुमोदिनि, चंदा देख घराय;
तेसें मन मे'तावके, मोजदिन मनभाय. ७०

જાવાને વખતે-જેમ પોયણીનું ફૂલ ચંદ્રમાને જોઈ, તેનીજ સામે જાણે સજીવન હોઇને જોતુ હોય, તેમ પ્રફુલ્લિત થઇ રહે છે, તેવી રીતે પોતાના મનભાવ્યા પતિને જોઇને મહેતાબ તટસ્થ થઇ રહી—અને પતિના જવાથી અતિસય દુખિત થવા લાગી, પરંતુ તે દુઃખ થોડા દિવસ માટેનું છે, અને જ્યારે તે ઇચ્છા કરશે ત્યારે, બે ચાર દિવસે મળી જ-

શે, એવી આશાથી સંતોષ પામીને કંઈ મન વાળતી હતી. તે દિવસ મોજદીન ત્યાંથી રવાને થયો, અને પાછો ચોથા દિવસની રાત્રે ફરી આવ્યો.

केते बीते दिवस यों, आवत जात इराम;
भई बात सब शहरमें, सुनी जबे सुलतान. ७१

એવી રીતે શેહેરે ઇરાનમાં આવતાં જતાં કેટલાક દિવસો વીતી ગયા, ત્યારે–આગળ પ્રમાણે–સર્વ શેહેરમાં તેમની વાત થવા લાગી, અને એક કાનથી બીજે કાન જતાં, જ્યારે તે વાત શાહ ખુદાદીને સાંભળી ત્યારે ગુસ્સાથી તેની આંખો લાલચોળ થઇ, અને શાહજાદાપર અનહદ તિરસ્કાર ઉપજ્યો; તેથી—

किया हुकम कुटवालकों, सुनी बात पतशाह;
"शा'जादेकों पकडियो, रोक अदबकी राह." ७२

પૂરેપૂરી–ખાત્રી લાયક–હકીકત સાંભળીને બાદશાહે કોટવાળને હુકમ ફરમાવ્યો કે "એ–લુચ્ચા–શાહજાદાને અદબથી રસ્તે રોકીને પકડી લેવો." એવી રીતનો શાહનો સખ્ત હુકમ સાંભળીને એક પણ શબ્દ બોલ્યા વગર કોટવાળ—

करकुनस पतशाहकों, ले चोकी जंजाल;
मे'लां रोशनखानके, बेठ गये कुटवाल. ७३

બાદશાહને કુનસ (અતિ નમ્રતાથી નમન) કરીને–ઘણા કાબેલ–ચોકીબાન માણસો અને જંજીર લઇને રોશનખાન બજીરના મહેલ આગળ તે બેસી ગયો. ત્યાર પછીને વારે હમેશના નિયમ પ્રમાણે સાહેલીઓ સાથે નૂરાંને ઘેર થઇને –

शा'जादा फिर आयहैं, जुमा रोजकी रात;
निकशत दोढी खानकी, पकड लिया परभात. ७४

શાહજાદો મોજદીન ફરી શુક્રવારના દિવસની રાત્રીએ–મહેતાબના મહેલમાં આવ્યો,–તે વાતની પાછળથી ખબર થતાં–વહાણુમાં રોશનખાનના મહેલમાંથી નિકળતાં કોટવાળે તેને પકડી લીધો. તથાપિ તેના સહેજ માનની ખાતર તેને જંજીર (બેડી—ડસકલાં)થી કેદ ન કરતાં એમજ ચોકી પહેરાની વચ્ચે—

शा'जादेकों पकडके, ले गय शाह हजूर;
शा'मारन फरमाइयो, करिके नजर करुर. ७५

શાહજાદાને કેદ કરીને શાહ–ખુદાદીનની હુઝૂરમાં લઈ ગયા.—બાદશાહે મોજદીન તરફ દ્રષ્ટિ પણ ન કરતાં માત્ર કોટવાળ પાસેથી વાસ્તવિક હકીકત સાંભળીને–ક્રૂર દ્રષ્ટિથી તેને જાનથી મારી નાંખવાનો હુકમ ફરમાવ્યો.—અહીં એટલી હકીકત બન્યા પછી મેહેતાબના મહેલમાં તેની ખબર પહોંચી.

पकडा सुना मे'ताबने, साहेबजादा यार;
मानों हस्तिनि मस्त ज्यों, निकसी खोल कमार ७६

---

૧. એક પ્રતમાં આ દોહરાનો નીચે પ્રમાણે પાઠ છે તેમાં પારાના કલ્પિત કુવાનું દ્રષ્ટાંત છે:—

"सुनी बात मे'ताबने, चली इश्कके लार;
मानो कुवा-अनंग ज्यों, निकसी खोलकमार."

"મારો પ્રિયતમ શાહજાદો કેદ પકડાયો" એ સાંભળતાંજ પ૦૭૨જાદી મેહેતાબ મદોન્મત્ત હાથણીની પેઠે એકદમ—લાજ રૂપી—કમાડ ખોલીને બહાર નીકળી. જનાનખાનામાં રહેનારી મેહેતાબને આવી રીતે લોકલજ્યાનો ત્યાગ કરતી સાંભળીને તેની માતાએ તેને પોતાની પાસે બોલાવીને સમજાવી:-

कहै माता महेताबकों, "राखीजें कुलकान;
अपना छिद्र न कीजियें,जाहिर जगतहि जान."७७

મેહેતાબને તેની માતા કહે છે કે "હે! શાણી પુત્રી! આપણે આપણા કુળની (કહાણી) લાજ રાખવી જોઇએ. અને આપણું પોતાનુંજ કલંક પ્રસિદ્ધપણે જગતના જાણવામાં આવે, તેમ ન કરવું જોઇએ. હાલે તારે, તારા પિતાની આબરૂની ખાતર, જેનાપર શાહ ખફા થયો છે, એવા શાહજાદાની પ્રીતિને છોડી ઘરમાં બેશી રહેવું યોગ્ય છે"—ત્યારે મેહેતાબે કહ્યું કે—

"लाज तजी सब जगतकी, प्रान तजुं पलमांय,
बाल-सनेही साँहेबो, मोपें तज्यो न जाय !— ७८

"હે વ્હાલી માતા! મે સર્વે લોકલાજ તો એ પ્રિયતમને માટે પ્રથમથીજ મૂકી છે, એટલુંજ નહિ પણ જરૂર પડશે તો મારાં પ્રાણ પણ હું એક પલકમાં છોડી દઇશ; પરંતુ એ મારો બાળસ્નેહી ખાવિંદ મારાથી છોડી શકાતો નથી. માટે હવે લોકોની બીતી અને લાજની કંઇ જરૂર નથી—

लोक लाज कुन कामकी ? पीय जीयकी आश;"
आय खडी मे'ताब यों, मोजदीनके पास. ૭૯

મારે હવે લોકલાજ શા કામની છે?—કે જે વખતે મારા વહાલા પ્રિયતમને સંકટ પડયું છે, ત્યારે મારે કોઇ વાતન' આશા નથી—માત્ર તે પ્રિયતમના જીવનનીજ આશા છે." એટલું બોલી કોઇની પણ દરકાર રાખ્યા વગર એકદમ ખુલ્લે રસ્તેથી ચાલી રાજમહેલમાં આવીને બાદશાહ ખુદાદીનની હઝૂર, મોજદીનની પાસે આવીને બિલકુલ લોકોની શરમ રાખ્યા વગર ઉભી રહી ! અને મોજદીનને દેહાંતની શિક્ષા થયેલી સાંભળીને તેણે વજ્ર છાતીથી શાહને કહ્યું કે—

"हजरत ! एमी क्यों करे? बडी गजबकी बात !
नार पराई कारने, घर-लडकेकी घात ! ? ૮૦

"હે ! હજરત તું આવી મોટી જુલમની વાત તારા પોતાપરજ શી રીતે ગુજારે છે? કે ગમે તે કુળમાં ઉત્પન્ન થયેલી બીજી સ્ત્રી માટે પોતાના પેટના દીકરાની હત્યા કરે છે" ? !

પાદશાહ—"અદલપર બેઠેલા પાદશાહની ફરજ છે કે, દીકરો પણ ગુન્હેગાર હોય તો તેને ફાંસીને લાકડે લટકાવી દેવો."

મેહેતાબ—"જો તમે ગુન્હેગારનેજ સજા કરતા હો તો આ મોજદીનને થયેલી સજા રદ છે. કેમકે—

गुन्हेगार सो मैरियां, मरद गुन्हा सो नांय;
नेन पियादा भेजके, घर भीतर बुलवाय. ૮૧

બધી જહાંનમાં સ્ત્રીઓજ ગુન્હેગાર છે, પુરૂષ ગુન્હેગાર છેજ નહિ,

કારણુ કે (આંખોરૂપી પ્યાદલ) સિપાઇ મોકલીને સ્ત્રીઓ મરદને પોતાના ઘરમાં બોલાવે છે:-નહિ તો પુરૂષની મગદૂર નથી કે કોઇ સ્ત્રીના ઘરમાં તેની મરજી વગર પ્રવેશ કરી શકે! તમે જોઇ જશો તો તમામ જગ્યાએ પ્રીતિ કરવામાં સ્ત્રીજ પહેલ કહાડે છે, એમ જણાશે. તેમજ મારા માટે પણ બન્યું છે. અને—

गुन्हेगार मो मैं भई. मैनें किया सनेह;
हजरत ! मोकों मारिके, रख साहबकी देह." ८२

પ્રથમ મેંજ પ્રીતિ કરીને મોજદીનને ફસાવ્યો છે; તે કારણથી હુંજ પૂરેપૂરી ગુન્હેગાર—સજાને લાયક ઠરીશું, માટે હે હજરત ! દુનિયાના બાદશાહ! મારા ખાવિંદ મોજદીનના શરીરને અગર રાખીને, મને મારી નાંખ." મેહેતાબની વાત સાંભળતાં બાદશાહને ખાત્રી થઇ કે આ કામમાં મોજદીન કરતાં તે વધારે ગુન્હેગાર છે. તેથી કદાચ પાદશાહ "મારા બદલમાં મેહેતાબને મારવાનો હુકમ ફરમાવશે." એવી ધાસ્તીથી મોજદીન વચ્ચેજ બોલી ઉઠયો કે—

मोजदीन—"मेरीकों क्या मारियें, जांकी अबला जात;
मारो मोये मरदकों, बडी बिगारी बात !"८३

"સ્ત્રી ગમે તેટલી ગુન્હેગાર હોય તથાપિ—સ્ત્રીને જાનથી મારવી નહિ, કેમકે તે તો બળ વગરની—અબળાજાતિ છે, તે હથિયાર ઉપાડી પોતાનો બચાવ કરી શકતી નથી, માટેજ ઈન્સાઅલ્લાએ મરદોને તેના બચાવ માટે ખાસ બનાવ્યા છે. તેજ કારણથી ઓરતજાતને જાનથી બેજાન કરવી નહિ, એવું પવિત્ર ફરમાનોમાં કહ્યુ છે. વળી

સબળ પુરૂષ ઉઠીને અબળા સ્ત્રીજાતિને મારી નાંખવાનું ફરમાવે, એજ નામોશી ભરેલું છે. તે કારણથી જો સજા કરવી હોયતો મને મરદનેજ મારો! કે જે મેંજ સર્વ વાતનો બિગાડ કર્યો છે; તેથી હુંજ સજાવારછું"–કેવો નિર્મળ અને અદ્દભુત પ્રેમ? ! આ વખતે શાહ ખુદાદીનનું હ્રદય પણ પણ પીગળ્યું. અને તે તેની આંખોવાટે બહાર આવ્યું.

देख इशक मन दोयका, शा'काजी बुलवाय:
"कहो काजी! इन वातको, कीजे कोन उपाय." ८४

આંસુવાળી આંખો સહિત આ બંને સ્ત્રી પુરૂષનો અંજાયબ જેવો (ઇરક) પ્રેમ જોઇને શાહને તેમાંથી કોને મારવું? તે સમજાયું નહિ; તેથી બંનેનો અદલ-ઇનસાફ કરવા માટે કાજીને બોલાવ્યો–અને પ્રથમથી સર્વ હકીકત બાદશાહે પંડે કાજીને કહી સંભળાવીને પૂછ્યું કે "હે કાજી! હવે આ વાતનો શો ઉપાય કરવો તે બતાવો? યાને તેનો ઇન્સાફ કરો"! કાજીએ સર્વ હકીકત સાંભળી-સમજીને શાહને કહ્યું કે—

"जलका डूब्या निकसहिं, जो कछु तारा होय;
डूब्या इश्क सनेहमें, निकस्या सुना न कोय. ८५

"હે! ખુદાવિંદ! જો કોઇ શ્રેષ્ટ તરનારો મળી આવે તો પાણીમાં ડૂબી ગયેલાને મહા મહેનતે બહાર કાઢી શકે; પરંતુ પ્રીતિના ઇસ્કરૂપ પાણીમાં ડૂબેલો દુનિયામાં કોઇ પાછો નીકળ્યો હોય, એમ મેં સાંભળ્યું નથી. માટે એ બાબતનો ઇનસાફ કરવો–યાને તેમને કંઇ સજા ફરમાવી અટકાવવા, એ વાત મારા મત પ્રમાણે તો ફોકટ છે."

शाह-"तुमसें बने सो कीजियें, सुन काजी!" कहे शाह;
"बिविध भेद बिचारिके, चलो अदबकी राह." ८६

જેનું અંતઃકરણ હમેશથી ન્યાય પરાયણ છે, એવો શાહ ખુદાદીન કાજીનું વચન સાંભળીને તેની વાત માન્ય કરવા જોગ છે, એમ સમજ્યો; તથાપિ ન્યાય તો છોડવો નહિ, એમ વિચારીને-બોલ્યો કે "હે કાજી! તમારા જૂદા જૂદા ન્યાયના ભેદોનો વિચાર કરીને ન્યાયને રસ્તે ચાલીને તમારા સિધાંત પ્રમાણે-મોજદીનને જે સજા થઇ શકતી હોય તે કરો." ત્યારે કાજીએ વિચાર કરીને ટુંકામાંજ મોજદીનને પૂછ્યું કે-

काजी—"शाहेबजादा! कर लियो, दो बातनको ज्वाब;
के तुम छोडो तख्तकों, के मैरी मे'ताब!" ८७

"હે શાહજાદા! આપ બે વાતોનોજ માત્ર જવાબ આપો-એટલે આપનો ઇનસાફ થઇ રહેશે, તે એ કે-જો તમે મેહેતાબને તમારી ઓરત તરીકે કબુલ રાખતા હોતો, આ ઇરાનના તખ્તનો દાવો છોડી દ્યો; અને જો તખ્તનો દાવો કાયમ રાખતા હોતો, એ ઓરત મેહેતાબને છોડી દ્યો." આ શબ્દો કાજીના મોઢામાંથી પડતાંજ સત્ય પ્રીતિ અને હિંમતવાળા શાહજાદા મોજદીને કહ્યું કે-

मो०—"मनसब छोडा रोमका, छोडा तख्त इरान;
मैरी शिर मे'ताबपर, किया मुलक कुरबान! ८८

"હે! કાજી! હું માત્ર ઈરાનના તખ્તનો માલિક શાહજાદો છું

એટલુંજ નહિ, પણ રૈંામનો મનસફદાર છું, પરંતુ આ તમારા ઇન-સાફને તાબે થતાં, હું કહું છું કે—ઇરાનનું તખ્ત તેમજ રૈંામની મ-નસબી પણ મેં આજથી છોડી!-અરે એથી વધારે મારી પાસે હોત તો તે પણ છોડી દેત!—પરંતુ સ્ત્રીઓમાં શિરોમણીરૂપ **મેહેતાબપર** ઇરાન જેવા લાખ—મુલક પણ કુરબાન કરૂંછું"!!! આ ઇનસાફના પ્રત્યુતરરૂપ કબુલત મોજદીને મોટી ગર્જના જેવા સ્વરથી બોલી સર્વ સભાસદો સાંભળે, તેમ બાખુશીથી આપી; તે સાંભળીને સર્વ માણસોએ ખુશાલીનો પુકાર કર્યો. શાહ પણ પોતાના પુત્રની દ્રઢ પ્રીતિ, હિંમત અને મર્દાઇથી અંદરખાને ખુશી તો થયો, પણ કંઇ બોલ્યો નહિ. વળી મોજદીને કાજીએ કરેલા ફૈંસલાની તામીલ જા-તેજ કરતાં ન્યાયસનપર પડેલું **કુરાનનું** પવિત્ર પુસ્તક હાથમાં લઈ-ને કહ્યું કે—

"छोडा तखत इरानका, बीच कुरान किताब,"
हाथ पकडके ले चले, मोजदीन मे'ताब! ८९

"આ પવિત્ર **કુરાનનું** પુસ્તક વચ્ચે રાખી અર્થાત્ તેના સોગન લઇને સર્વ નેકમર્દોની શાક્ષીએ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે–હું ઇરાન-ના તખ્તનો દાવો છોડું છું" એમ કહી સભા વચ્ચેથી મેહેતાબનો હાથ પકડી, તેને સાથે લઇ મોજદીન ઇરાનની રાજસભાને હમેશને માટે છોડી ચાલતો થયો. તે વખતે મોજદીનને માટે સર્વને ઘણી લાગણી તેમજ પ્રીતિ ઉત્પન્ન થઇ, તથાપિ પરમન્યાયિક શા-હના રૈંાયાબથી કોઇપણ કંઈ બોલી શક્યું નહિ. રાજસભામાંથી ખુલ્લે રસ્તે મેહેતાબને લઇને મોજદીન—

आय हवेली आपकी, लिख भेजे फरमान;
मुगल मीर सामिल भये, देश देशके आन. ९०

પોતાના પ્રથમના રંગમેહેલના બગીચાવાળી હવેલીમાં આવ્યા. અને ત્યાંથી પોતાના સર્વ દોસ્ત આશનઓને પત્ર લખ્યા કે " જે અમને ચાહાતા હોય, કિંવા જેને અમારી સાથે આવવું હોય તેણે અમુક મુદ્દતમાં અમને અહીં આવી મળવું." તે પરથી દેશ અને પરદેશથી પણ મોગલ, મીર, વગેરે પુષ્કળ યોધ્ધાઓ આવીને મોજદીનને મળ્યા. અને જ્યારે મોજદીનની સ્વારી વિદેશ જવા માટે તૈયાર થઇ ત્યારે તેણે જોયું તો–

जात जात पीछे खडी, सैयद, शेख, पठाण;
सिंधुर त्रसो साठ हैं, तीन लाख केकाण * ९१

સૈયદ, શેખ, પઠાણ ઇત્યાદિ જાત જાતના માણસો તેની પાછળ સવારીમાં ઉભેલા તેણે દીઠા. મોજદીનની ફોજની ગણત્રી કરતાં ૩૬૦ હાથી, ત્રણ લાખ ઘોડા–તેમજ તે સિવાય બીજા પુષ્કળ પ્યાદલ–હતા.–જ્યારે મોજદીનની સેના ચાલતી થઇ ત્યારે તેનો દેખાવ બહુ આનંદ ઉપજાવે તેવો હતો–

---

* એક પ્રતમાં આ દોહરાનો એનેજ મળતો પણ કંઇક જૂદો આ પ્રમાણે પાઠ છે.

सिंधुर त्रियसों वेसहें, तीन लाख तोखार;
मोजदीन पतशाहके, पालू अंत न पार.

कर गज डंबर फोजका, शिर छत्रहिं सेंगीर;
धजा उडे असमानलों, दुश्मन धरे न धीर. १२

હાથીઓના આડંબરથી શણગારાયલી ફોજ વચ્ચે-હાથીપર સવાર થયેલા અને સાંગ ધરેલા યોદ્ધાઓથી વીંટાયલા, શાહજાદા મોજદીનપર-છત્ર ચામરાદિક શોભી રહ્યાં છે; અને આકાશ સુધી-ઊંચાં-ફોજનાં-નિશાન ઉડી રહ્યાં છે, કે જેને જોઇનેજ દુશ્મનોની ધીરજ છૂટી જાયછે. અર્થાત્ તેઓ શરણે થાય છે. એવી સજ કરેલી ફોજ સહિત મજલ દરમજલ કરતાં કેટલેક દિવસે—

फोज फहारां ले चढे, दिय इरानकुं छोड;
कलु शाहकों मारके, लिया कलेरा कोट. १३

મોજદીને ઈરાનની સરહદને છોડી દીધી, ત્યાર પછી તેણે પોતાની મોટી ફોજના જમાવથી કલેરા (કલીકોટ) કોટના-રૈયતપર જુલમ કરનારા-કલુશાહ નામે સરદાર ઉપર ચડાઇ કરીનેતેને મારીને તેનું રાજ્ય સ્વાધીન કર્યું. તમામ રાજ્ય સ્વાધીન કરીને શાંતિ થયા પછી તે શેહેરના મુખ્ય માણસોએ પોતાને જુલમમાંથી છોડાવ્યા બદલ ઉપકાર માનીને—

कलुकोटके शहरमें, फिरी दुवाई आन;
साहेब कीना तखतपर, मोजदीन सुलतान. १४

મોજદીનને પોતાનો પાદશાહ-માલીક કબુલ રાખી-"મોજદીન સુલતાન" ના નામની દુવાઇ કલૂકોટના શેહેર-તેમજ મુલક-માં ફેરવી,

તેથી મોજદીન ત્યાંનો સ્વતંત્ર બાદશાહ થયો. અને થોડા વખતમાં પોતાના અદલ-ઇનસાફ, નીતિ, વગેરેથી લોકોની બહુજ પ્રીતિ મેળવી. બાળપણાના સર્વ દુર્ગુણો હવે મોજદીનમાં હતાંજ નહિ. હવે તો મોજદીન દુનિયાના પરમ ન્યાયિક બાદશાહોમાં ગણાવા લાગ્યો. આ ખબર જ્યારે તેના પિતા શાહ ખુદાદીનને થઇ, ત્યારે તેણે બહુજ સંતોષ બતાવ્યો. તેમ મોજદીન પણ પોતાના ન્યાય મૂર્તિ પિતા તરફ અત્યંત પ્રીતિભાવ ધરાવતો પોતાના રાજ્યમાં સુખથી રહેવા લાગ્યો.

मोजदीन पतशाहके, हुरम तीनसें साठ;
सब ऊपर मे'ताबका, बडा अनोखा ठाठ. ९५

મોજદીન બાદશાહનો વૈભવ વર્ણવતાં કવિ કહે છે કે-તેને ત્રણસેં સાઠ રાણી હતી. પરંતુ તે સર્વ રાણીઓના શિરતાજ રૂપ મેહેતાબનો ઠાઠ તો અજબજ હતો. જે મોજદીન એક વખત તાબેદાર હતો, એક વખત જેને મેહેતાબનું મુખદર્શન ખુદાઈ બક્ષીશ હતી, તેજ મોજદીન અને મેહેતાબ હવે એક અંગ-દંપતિ થયાં.

मोजदीन निरभय रहे, सब हुरमाके संग;
जेसे हथनी जूथमें, मातो रहे मतंग. ९६

હવે સુલતાન મોજદીન અભય થઇને-મેહેતાબ તેમ-સર્વ હુરમો સાથે મદોન્મત્ત હાથિણીઓના ટોળામાં મહામત્ત ગજેંદ્રની પેઠે રહેવા લાગ્યો. અને ખુશી, ખેલ, સુખ, વૈભવ, હાસ્યવિલાસમાં સંપૂર્ણ સંતોષથી અને લોકોત્તર સુખથી તેની જિંદગી ગુજરવા લાગી.

मरदो कबू न कीजियें, कोउ नारीसों प्रीत;
करो तों एसी कीजियें, मोजदीनकी रीत. ९७

હે નેક મરદો ! તમારે ક્યારે પણ કોઇ સ્ત્રીથી પ્રીતિ કરવી નહિ. પરંતુ જો પ્રીતિ કરવી તો મોજદીનની પેઠે-કપટ રહિત-ખરા દિલથી અને જન્મપર્યંતની સત્ય તથા નિર્મળ પ્રીતિ કરવી. દ્રવ્ય, આબરૂ, વગેરે સર્વ સંસારિક વસ્તુઓ અને છેવટ પ્યારામાં પ્યારો જીવ જતાં પણ તે પ્રીતિને છોડવી નહિ. અર્થાત પ્રેમને જીવ કરતાં પણ વધારે વ્હાલો ગણવો.

आगे प्रीत लगात हें, जो नर देके हाम;
पींछे दूरा देतहे, जाकी जात हराम. ९८

પહેલાં જે પુરૂષો પ્રીતિ કરવાની હિંમત આપીને પ્રીતી કરે છે અને પછી પ્રીતિપાસમાં પડેલી સ્ત્રીથી દૂર રહી, તેને વિયોગનું દુઃખ આપે છે, તેની જાત હરામ છે. અર્થાત તેઓ હક નહિ પણ હરામથી આ દુનિયામાં પેદા થયેલા (વર્ણસંકર) છે.

पाघ बदल, बाटी बदल, बचन बदल बेनूर;
यारी कर ख्वारी करे, वाके मुखपर धूर. ९९

જે નિસ્તેજ માણસો, વિદેશમાં જઇ કિંવા દેશમાં રહીને પોતાની પાઘડી બદલાવે છે, પોતાનું ખાણું બદલાવે છે-અર્થાત નખાવાની વસ્તુ ખાય છે, આપેલું વચન બદલીને બેવચની થાયછે અને દોસ્તી કરીને પછી તેની અંદર ખરાબી કરે છે, અર્થાત જેના પ્રથમ દોસ્ત હોય છે, તેનાજ પછી દુશ્મન થઇને ઊભા રહે છે; તેના મોઢાપર ધૂળ છે.

देख इशक दिल दोयका, उदयराम चित लाय;
मोजदीन मे'तावकी, भई सो बात बनाय* १००

બે–આશક માશુક–નાં ઈશ્ક (પ્રેમ) સહીત દિલ જોઇ–સમજીને કવિ ઉદયરામે તે બિના મનમાં લઇને આ મોજદીન મેહેતાબની બનેલી વાત બનાવી છે.

अंतर तामें ना रहा, भूल चूक कछु होय;
खुदा! दीन तुम जानके, माफ करो सब मोय. १०१

આ વાત લખવા-(રચના) માં મેં શ્રોતા—વાંચનાર જનોથી કંઇ-અંતર–પડદો રાખીને કશું બાકી રાખ્યું નથી; અર્થાત કાંઇ ખામી રાખીને છૂપાવ્યું નથી. એટલે એ વિષે જેટલું હું જાણતો હતો તે સર્વ મેં લખ્યું છે, તેમાં કંઇ ભૂલ ચૂક–ખામી રહી હોય તો તે બધી હે જગદીશ્વર! મને ગરીબ જાણીને માફ કરજો.

संवत इग्यारहसें बरस, सत्तावनपर सात;
कार्तिक सुद छटकी भई, मोजदीनकी बात. १०२

સંવત ૧૧૫૭+૭=૧૧૬૪ ની સાલના કાર્તિક માસની શુદિ ૬ને દિવસે આ મોજદીન મહેતાબની વાત સંપૂર્ણ–થઈ છે.

સમાપ્ત.

---

* આ ૧૦૦ મા દોહરાનો એક પાઠ નીચે પ્રમાણે છે, તે પરથી કવિની જાતની ઓળખાણ મળે છે.

उदयराम चारन कहे, दोय इश्क चितलाय;
मोजदीन मेतावकी, केती बात बनाय!

અમારાં પુસ્તકો.

૧. **વાર્તાવિનોદ–પ્રથમ દર્શન**–કિંમત રૂ. ૧ાા પોષ્ટેજ ૦)॥ એકાવન વાર્તાઓનો **અપૂર્વ સંગ્રહ.** વિદ્વાનોએ ઉત્તમ અભિપ્રાયો આપ્યા છે, અને રાજદરબારોમાં તેની પુષ્કળ કોપીઓ લેવાઇ છે. પુસ્તકના અંતમાં આપેલા પ્રમાણ પત્રોથીજ જણાશે કે એ પુસ્તક કેટલું ઉપાયોગી છે. કદ ડેમી આઠપેજી ૨૨૫ પૃષ્ટનું.

૨. **વાર્તાવિનોદ**–દ્વિતિય દર્શન. પ્રથમથી કિંમત રૂા. ૧) હવે પછી છપાશે. આ પુસ્તક પહેલા પુસ્તક જેવુંજ રસીક અને બોધક થશે.

૩. **ભગવત પિંગળ**–સટીક. કિંમત રૂા. ૧ પોસ્ટેજ ૦)–

પિંગળનો વિષય શિખનારને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી છે. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ સી. આઇ. ઈ. અને ભુજની વ્રજભાષાની પાઠશાળાના અધ્યાપક રા. રા. પ્રાણજીવન મોરારજીએ ઘણા સરસ અભિપ્રાય આપ્યા છે. મૂળ વ્રજભાષામાં છે અને તેની ઘણા વિસ્તારથી ગુજરાતી ટીકા કરી છે. માત્રા, ગાથા, (આર્યા) અને વરણના સંખ્યા, પ્રસ્તાર તથા મેરૂપતાકા વગેરે (ગણિત) જેવાં આ પુસ્તકમાં વિસ્તારથી સમજાવ્યાં છે, તેવાં બીજાં કોઇ પુસ્તકમાં ભાગ્યેજ સમજાવ્યાં હશે–કદ મોટા–રૉયલ આશરે બાર ફરમાનું પુસ્તક છે.

૪. **ખુશરુ કુમારી**–કિંમત રૂા. ૦ાા પો. ૦)– ફારસી બેતો, થોડા પંજાબી છંદો અને હિંદુસ્તાની ગદ્ય પદ્ય સાથેની ઘણીજ રસીલી વાર્તા છે. એ પુસ્તકની પહેલી આવૃતિ એક માસની અંદર ખપી ગઇ છે. કદ ડેમી ૧૨ ફૉર્મનું છે.

૫. **મેઘાડમ્બર**–કવિ શ્રી ઉનડજી કૃત–કિંમત રૂા. ૦ાા પોસ્ટેજ માફ. વર્ષાદ વગેરે સંબંધીનું ભવિષ્ય કહેનારૂં આવું પુસ્તક ગુજરાતી ભાષામાં કોઇ નથી. મૂળ હિંદુસ્તાની કવિતાની ટીકા તરીકે ગુજરાતી

કવિતા સામા પૃષ્ટમાં મુકેલી છે. પ્રસિદ્ધ વિદ્વાનો અને પેપરોએ ઘણાજ ઉત્તમ મત આપ્યા છે. થોડીજ કોપી બાકી છે. કદ નાના કદનાં ૧૨૫ પૃષ્ટનું.

૬. **મોજદીન મેહેતાબ.** (કવિ શ્રી ઉદયરામ કૃત), કિંમત રૂા. ૦I પોસ્ટેજ માફ. હિંદુસ્તાની દોહરાઓ સાથે ગુજરાતી ટીકાના સંપૂર્ણ.વિસ્તારથી છપાયલીછે. ગુજરાત, કચ્છ. મારવાડ વગેરે જગ્યાએ આ વાર્તા ઘણીજ પ્રસિદ્ધ છે; એ પુસ્તકમાં સ્ત્રી પુરૂષનો અદ્ભુત પ્રેમ અને ન્યાય કરનારની અપૂર્વ દ્રઢતા નથી નિષ્પક્ષપાત, એ બે વિષયો ઘણીજ સરસ ખૂબીથી વર્ણવ્યા છે.

૭. **કાવ્ય કળાધર**—કિમત રૂ. ૦I= પોસ્ટેજ ૦)ાા. મારી બનાવેલી. ગુજરાતી તથા હિંદુસ્તાની કવિતાઓ જે જૂદા જૂદા પેપરોમાં પ્રસિદ્ધ થઈ ગયેલી છે તે અને બીજી નવી બનાવેલીનો આ માત્ર નાનો અને પહેલો સંગ્રહ છે. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ સી. આઇ. ઇ. અને બીજા વિદ્વાનોએ ઉત્તમ મત આપ્યા છે. કવિતાના રસાલંકાર જાણવા ઇચ્છનારે આ પુસ્તક એકવાર અવસ્ય વાંચી ખાત્રી કરવી જોઇએ. કદ ડેમી ૭ ફૉર્મનું.

કચ્છ ભૂપતિ વિષે કવિતા—કિંમત એક આનો છે, છતાં માત્ર પોસ્ટેજ માટેઅર્ધા આનાની ટિકટ મોકલીને કોઈપણ મંગાવશે, છતાં તેને મફત મોકલવામાં આવશે.

ઉપરનાં દરેક પુસ્તક માટે વ્યાપારીઓને ૨૫ પ્રતે ૧૫ ટકા, ૫૦ માટે ૧૭ાા અને ૭૫ ઉપરાંતને માટે ૨૦ ટકા કમીશન આપવામાં આવે છે. છુટક પ્રતો મુંબઇ, અમદાવાદ, સૂરત, (કચ્છ) માંડવી, ભુજ, રાજકોટ વગેરે સ્થળોના બુકસેલરો પાસેથી પણ મળશે.

મુ૦ ભુજનગર. } **જીવરામ અજરામર ગોર.**
કચ્છ. } વાર્તા વિનોદ ઈ. ના કર્તા.

વાર્તાવિનોદ વિષેના અભિપ્રાયો.

"મિ૦ જીવરામ અજરામર ગોર, એમણે "વાર્તાવિનોદ" નામનું પુસ્તક રચી તૈયાર કર્યું છે, તેમાં ઐતિહાસિક તથા લૌકક મળીને **એક સો વાર્તાઓનો અપુર્વ સંગ્રહ** છે આમાંની કેટલીક વાર્તાઓ વિજ્ઞાન વિલાસ માસિકમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલી છે, તે તથા હસ્તલિખિત પ્રતમાંહેલી વાર્તાઓ છૂટક છૂટક કેટલીક હું વાંચી ગયો છું. તે પરથી હું હિમ્મતથી કહી શકુંછું કે એ પુસ્તક જ્યારે પ્રસિદ્ધ થશે, ત્યારે ખરેજ લોકપ્રિય થયા વગર રહેશે નહીં. મિ૦ જીવરામની ભાષા શુદ્ધ, પ્રૌઢ, રસમય અને તે સાથે સરળ અને અસરકારક છે; અને તેમની વર્ણન શૈલી ચિત્તાકર્ષક અને વર્ણવેલા વિષયનો ચિતાર રમણીયપણે નજર આગળ ખડો કરે એવા પ્રકારની છે. ગ્રંથકર્ત્તા પોતાનો ઉચ્ચ પ્રયાસ ચાલુ રાખશે તો આગળ જતાં ઇશ્વર કૃપાથી ગુજર્જર સાક્ષર મંડળમાં ઉન્નત પદવી સંપાદન કરી શકશે, એવી ઉમેદ રાખી શકાય છે."

ભુજ. તા. ૯-૫-૯૨ } (સહી) વિઠ્ઠલજી કેશવજી દવે, બી૦ એ૦
(એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, કચ્છ.)

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ તા. ૨૦-૫-૯૨

"આપના તા. ૧૬-૫-૯૨ ના કાર્ડનો સલામ સાથે ઉત્તર કે આવતા માસના બુ૦ પ્ર૦ ના અંકમાં "વાર્તાવિનોદ"ની પહેલી વાર્તા આવશે. **એ વાર્તાઓ પસંદ પડે એવીજ છે**, એમ જાણી ખુશી થયો છું; તેમ આપ લખો છો કે વિજ્ઞાન વિલાસમાંની વાર્તાઓ પણ પસંદ પડી છે, તે પણ ખુશીની વાત છે. દૃષ્ટાંતરૂપી વાર્તા અને સારી રીતે સંભાળથી લખેલી પસંદ પડે, એમાં નવાઇ નથી. આપના તરફથી પાંચ વાર્તા મળેલી છે, તે પાંચ મહિના ચાલશે, ત્યાર પછી બીજી જોઇશે, તેટલા સુધી આપ મોકલવા ગોઠવણ કરશો. એટલે બસ છે."

(દ. સહી) જગજીવન ભવાનીશંકર કાપડીઆ,
આસિ૦ સેક્રેટરી ગૂ૦ વ૦ સોસાઇટી.

મેઘાડમ્બર વિષે અભિપ્રાય:

રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખર (કચ્છના માજી એજ્યુ૦ ઇન્સ્પેક્ટર સાહેબ) લખેછે કે–"હું એ પુસ્તક ઉપર ઉપરથી જોઇ ગયો છું, તો મારે જણાવવું જોઇએ કે તેને બહાર પાડવાની તમારી મેહેનત સ્તુતિ પાત્ર છે. હાલ જેમ **અંગ્રેજી "વાયૂચક્રશાસ્ત્ર" વાળા** જૂદે જૂદે સ્થળે વાદળા વાયૂ જોવાના મથક સ્થાપિ તેનું અવલોકન કરી નિયમ બાંધવા મથે છે, તેમ આપણા લોકો આગળ અવલોકન કરી ગ્રંથો લખી ગયાછે, તે પછાડેથી અવિદ્વતા ફેલાવાને લીધે તેનું અવલોકન વધારવાને જોગવાઇ મળી નહિ અને ગ્રંથો અપ્રસિદ્ધ રહ્યા. તેઓ બન્યુ ત્યાં સૂધી નિયમો બાંધી ગયા છે, તેને વેહેમી ગણી અંગ્રેજી ભણેલા લક્ષ નથી આપતા, **પરંતુ** જેમ જેમ આવા **ગ્રંથો તમારા** જેવી **ટીકા સાથે બહાર પડશે** તેમ તેમ લોકો તે ઉપર વિચાર કરશે ને અનુભવ લેશે તેથી અંતે મોટો લાભ થશે * *"

આ પુસ્તક વિષે કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ સી. આઇ. ઇ. **અને બુદ્ધિપ્રકાશ, વિજ્ઞાનવિલાસ, હિંદુસ્તાન,** વગેરે પત્રોએ ઘણા ઉત્તમ અભિપ્રાયો આપ્યા છે, પરંતુ સ્થળસંકોચને લીધે તે બધા અહીં દાખલ કરી શકતા નથી. **અમારાં તમામ પુસ્તકો વિષે વિદ્વાનોએ ઉત્તમ મત આપ્યા છે, એક વાર વાંચીને ખાત્રી કરો!**